દાખલ તારીખ : ૧૬/૦૫/૨૦૧૯
નોંધ્યા તારીખ : ૧૬/૦૫/૨૦૧૯
ફેસલ તારીખ : ૨૭/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૭ –૦૨ – ૧૧

---

**સમીના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.સમી.**

---

**ફોજદારી કેસ નંબર : ૧૪૮/૨૦૧૯**

**આંક : ૩૨**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**– : : વિરૂધ્ધ : : –**

**<u>આરોપી</u> :–** પરમાર સાહિલભાઇ પ્રવિણભાઇ, ઉ.વ.૨૦,
રહે : ચાણસ્માં, ઉગમણા દરવાજા બહાર, રોહીતવાસ,
તા.ચાણસ્માં, જી.પાટણ.

**ગુનો : – ઇ.પી.કો.ની કલમ– ૩૭૯, ૪૬૫ મુજબ.**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ //

// આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી –આર.યુ.કાઝી//

## – : : ઠરાવ : : –

(૧) હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના દીકરા તથા જમાઇ તા.૧૨/૦૨/૨૦૧૯ ના રોજ વરાણા ગામે ખોડીયાર માતાના મેળામાં દર્શન કરવા સારૂ મો.સા.નં.જી.જે.૨૪.એ.જી.૦૭૯૨ નું લઇ ગયેલ હતા અને સાંજના સમયે ઘરે પરત આવવા મો.સા.ની તપાસ કરવા છતાં મળી આવેલ ન હોઇ જેથી સદર મો.સા.નં.જી.જે.૨૪.એ.જી.૦૭૯૨, કિં.રૂા.૩૦,૦૦૦/– નું કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ. આમ, ઉપરોકત હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે સમી પોલીસ સ્ટેશન પ્રથમ ગુના રજીસ્ટર નં.૦૦૧૩/૨૦૧૯ થી ગુનો નોંધી, તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.ની કલમ–૩૭૯, ૪૬૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને વારંવાર સમન્સ/વોરંટ કાઢવા છતાં બજવણી થતી ન હોઈ તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા ન હોઈ, જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, તેથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯(૧) ની જોગવાઈ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો આ કામે તા.૨૦–૦૪–૨૦૨૫ ના રોજ આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

### – : : મૌખિક પુરાવા : : –

| ક્રમ નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પ્રભુભાઇ રામાભાઇ ઠાકોરની જુબાની | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨ | પંચ સાહેદ નટુભાઇ રામાભાઇ ઠાકોરની જુબાની | ૧૧ |
| ૩ | પંચ સાહેદ મનુભાઇ છગનભાઇ ઠાકોરની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ ભાણજીભાઇ સુરજજી ઠાકોરની જુબાની | ૧૪ |
| ૫ | સાહેદ ભરતસિંહ પ્રભાતજી ઝાલાની જુબાની | ૧૭ |
| ૬ | સાહેદ દીલીપજી પ્રભુજી ઠાકોરની જુબાની | ૨૩ |
| ૭ | સાહેદ ગંગાબેન પ્રભુજી ઠાકોરની જુબાની | ૨૪ |
| ૮ | સાહેદ કુલદીપકુમાર લક્ષ્મીદાસની જુબાની | ૨૫ |
| ૯ | સાહેદ પારુબેન નટુભાઇ ઠાકોરની જુબાની | ૩૦ |

**– : : દસ્તાવેજી પુરાવાઓ : : –**

| **ક્રમ નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૩ | ચાણસ્માં પો.સ્ટે. ગુનો નોંધવા કરેલ યાદી અને પંચનામું | ૧૫,૧૬ |

આમ, ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ છે અને ફરીયાદીને વારંવાર સમંસ કાઢવા છતાં મળી આવતા ન હોય અને ભવિષ્યમાં મળી આવે તેવી કોઇ શકયતા જણાતી ન હોઇ, ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) હાલના કામે આરોપી વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯(૧) મુજબ આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ હોઇ અને આરોપી સામે વોરંટ પકકડ વોરંટ કાઢવા છતાં આવતા ન હોઇ અને આરોપી મળી આવે તેવી શકયતા જણાતી ન હોઇ, જેથી આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિ.વ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ અને આરોપી તરફે કોઈ હાજર ન હોઇ તથા આરોપી વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯(૧) મુજબ ચલાવવામાં આવેલ હોઇ, જેથી આરોપી તરફેનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, આ કામના ફરીયાદીના દીકરા તથા જમાઇ તા.૧૨/૦૨/૨૦૧૯ ના રોજ વરાણા ગામે ખોડીયાર માતાના મેળામાં દર્શન કરવા સારૂ મો.સા. નં.જી.જે.૨૪.એ.જી.૦૭૯૨ નું લઇ ગયેલ હતા અને સાંજના સમયે ઘરે પરત આવવા મો.સા.ની તપાસ કરવા છતાં મળી આવેલ ન હોઇ જેથી સદર મો.સા.નં.જી.જે.૨૪.એ.જી.૦૭૯૨, કિં.રૂા.૩૦,૦૦૦/- નું કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ ઇ.પી.કો.ની કલમ-૩૭૯, ૪૬૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે **?**

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે : -

**<u>: : કારણો : :</u>**

(૭.૧) **મુદ્દા નં.૧ :** સદર કામે ફરીયાદ પક્ષે ફરીયાદી પ્રભુભાઇ રામાભાઇ ઠાકોરને આંક-૦૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ત્રણ વર્ષ અગાઉ તેઓનું બાઈક ચોરાયેલ જેનો નંબર તેમને યાદ નથી.આ બાઈક તેઓએ સમી શો રૂમ માંથી લીધેલ અને આ બાઈક લઈ ને તેમનો છોકરો દિલીપ તથા તેમનો જમાઈ વરાણા મેળા માં ગયેલા અને તળાવ ની પાળ ઉપર આ બાઈક પાર્ક કરેલ હતુ અને આ લોકો મેળામાં ફરવા ગયેલા અને મેળામાં ફરી ને પરત આવતા આ બાઈક મળી આવેલ નહી

અને તેમને છોકરાએ ફોન કરી ને આ બાઈક ચોરી થયેલા નુ જણાવેલ અને આ બાઈક નો વીમો ઉતારેલો ન હતો અ ને તપાસ કરતા બાઈક મળી આવેલ ન હોઈ તેઓએ આ બાઈક ચોરી અંગે ની ફરીયાદ આપેલી.આ બાઈક તેઓએ રૂ.૨૦,૦૦૦/- ડાઉન પેમેન્ટ ભરેલ અને બીજા હપ્તા ભરતા આવેલા. તેઓને અસલ ફરીયાદ બતાવતા તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે હાલ ના કામે પ્રોસીકયુશનના કાગળો ઉપલબ્ધ ન હોઈ જે આ કામે આંક-૧૦ ફરીયાદની ઝેરોક્ષ નકલ રજુ છે.

સદર કામે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બાઈક હીરો કં પનીમાં કઈ મોડલ હતુ તે તેઓ કહી શકે નહી, તેઓએ કઈ તારીખે બાઈક ખરીદેલ તે કહી શકે નહી, તેઓએ બાઈકના પુરેપુરા હ પ્તા ભરપાઈ કરી દિધેલ હતા, તેઓની બાઈક નો નંબર ૦૭૯૨ હતો અને પાટણમાં રજીસ્ટ્રેશન કરાવેલ, બાઈક નો વિમો કયારે પુરો થયેલ તેની માહિતી નથી, બાઈક કોણ ચોરી ગયેલ તેની તેમને ખબર નથી, બાઈક ચોરી થવા બાબત ની જાણ તેમને તેમના છોકરાએ કરતા થયેલી અને તે સિવાય કોઈ જાત માહિતી તેમને નથી.

આ સાહેદના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો ફરીયાદીના બાઇકની ચોરી થયેલ છે જે અંગે ફરીયાદીએ આંક-૧૦ થી ફરીયાદી આપેલી છે.પરંતુ બાઇકની ચોરી હાલનાજ આરોપીએ જ કરેલ હોય તેવો કોઇ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ નટુભાઇ રામાભાઇ ઠાકોરને આંક-૧૧ થી તથા બીજા પંચ સાહેદ મનુભાઇ છગનભાઇ ઠાકોરને આંક-૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની

જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે ત્રણ વર્ષ અગાઉ તેઓના ભાઈ રઘુભાઈ રામાભાઈ નુ બાઈક ચોરી થઈ ગયેલુ અને આ બાઈક પરત મળી ગયેલુ.પોલીસે તેઓને વરાણા મુકામે એક સહી કરવા જણાવતા અને પંચનામાની હકીકત વિશે તેઓ કાઈ જાણતો નથી. આ લખાણ તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. સાહેદને પંચાનામુ બતાવવામાં આવેલ છે તેમાં તેઓની સહી પંચ નં.૧ તથા ૨ તરીકે સહી હોવાનુ ઓળખી બતાવેલ છે. જે પંચનામું આ કામે આંક–૧૧ થી રજુ છે. બનાવ બાબતે તેમના ભાઈએ ફરીયાદ આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલ.પરંતુ તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આ પંચ સાહેદ આંક–૧૨ ના પંચનામાને સમર્થન કરતા નથી તેમજ તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવેલ છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ ભાણજીજી સુરજીજી ઠાકોરને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૪/૧૯ ના રોજ તેઓ એલ.સી.બી.પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે તેઓની સાથેના ભરતસિંહ,કીર્તીસિહ,કુલદિપકુમાર,મહેન્દ્રકુમાર,જીતેન્દ્ર,સંજયકુમાર વિગેરે પોલીસ સ્ટાફ ના માણસો સરકારી વાહનમાં ચાણસ્મા પો.સ્ટે. માં મિલકત સંબંધી ગુના લગત પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચાણસ્મા ચાર રસ્તા ખાતે જીતેન્દ્રકુમાર અને મહેન્દ્રસિંહને બાતમી મળેલ કે ચાણસ્મા મુકામે ઉગમણા દરવાજા રોહીત વાસમાં રહેતા પરમાર સાહીલકુમાર પ્રવિણભાઈ નાઓએ ચાણસ્મા બસ સ્ટેન્ડ ખાતે થી તેમજ વરાણા મેળા માંથી મોટર સાઈકલ ની ચોરી કરેલ છે અને તે મોટર સાઈકલ તેમના

ઘરે પડેલ છે જેથી નજીક માંથી બે પંચો ના માણસો બોલાવી હકીકત થી વાકેફ કરી ત્યાં જતા સાહીલકુમાર હાજર મળી આવેલ અને તેના ઘર આગળ બે બાઈક પડેલા હતા અને તે વિશે પુછતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલો જેથી પંચો રૂબરૂ સદર બંને બાઈકો ની વિશે તેણે જણાવેલ છે કે તેણે એક માસ અગાઉ વરાણા ખોડીયાર માતા ના મંદિરેથી દસેક દિવસ અગાઉ ચાણસ્મા બસ સ્ટેન્ડથી ચોરી કરેલ છે અને જેથી બંને પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરી દિધેલ અને બાઈક કબ્જે લીધેલા અને આરોપી ને ગુના ના કામે અટક કરેલા.તપાસ કરતા સદર ગુનો ચાણસ્મા પો.સ્ટે. નો હોઈ ચાણસ્મા પો.સ્ટે. નોંધ થવા એક યાદી કરેલી તેમજ તે અંગે નુ પંચનામુ પંચો રૂબરૂ કરી દિધેલ અને તેમાં પંચો ની સહી છે અને તેમાં રૂબરૂ તરીકે તેઓની સહી છે જે અનુક્રમે આંક–૧૫ અને આંક–૧૬ થી રજુ છે. આરોપી ને જોયેથી ઓળખી શકે આરોપી નો રીપોર્ટ છે ઓળખ ની તકરાર જતી કરવા માં આવેલ છે.

સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બપોર ના ત્રણેક વાગ્યે એલ.સી.બી.ની બોલેરો ગાડી માં નીકળેલા, તેઓની સાથે બોલેરો ગાડીમાં ભરતસિંહ, કીર્તીસિહ, કુલદિપકુમાર, મહેન્દ્રકુમાર,જીતેન્દ્ર,સંજયકુમાર વિગેરે પોલીસવાળા હાજર હતા, તેઓ બનાવ બન્યો ત્યારે સ્ટાફ ના માણસો આરોપી ના ઘરે ગયેલા.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ ભરતસિંહ પ્રભાતજી ઝાલાને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૪/૧૯ ના રોજ તેઓ એલ.સી.બી.પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે તેઓની સાથેના

ભાણજીજી ,કીર્તીસિહ, કુલદિપકુમાર, મહેન્દ્રકુમાર, જીતેન્દ્ર, સંજયકુમાર વિગેરે પોલીસ સ્ટાફના માણસો સરકારી વાહનમાં ચાણસ્મા પો.સ્ટે. માં મિલકત સંબંધી ગુના લગત પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન ચાણસ્મા ચાર રસ્તા ખાતે જીતેન્દ્રકુમાર અને મહેન્દ્રસિંહને બાતમી મળેલ કે ચાણસ્મા મુકામે ઉગમણા દરવાજા રોહીત વાસમાં રહેતા પરમાર સાહીલકુમાર પ્રવિણભાઈ નાઓએ ચાણસ્મા બસ સ્ટેન્ડ ખાતે થી તેમજ વરાણા મેળા માંથી મોટર સાઈકલ ની ચોરી કરેલ છે અને તે મોટર સાઈકલ તેમના ઘરે પડેલ છે જેથી નજીક માંથી બે પંચો ના માણસો બોલાવી હકીકત થી વાકેફ કરી ત્યાં જતા સાહીલકુમાર હાજર મળી આવેલ અને તેના ઘર આગળ બે બાઈક પડેલા હતા અને તે વિશે પુછતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલો જેથી પંચો રૂબરૂ સદર બંને બાઈકો ની વિશે તેણે જણાવેલ છે કે તેણે એક માસ અગાઉ વરાણા ખોડીયાર માતા ના મંદિરેથી ,દસેક દિવસ અગાઉ ચાણસ્મા બસ સ્ટેન્ડ થી ચોરી કરેલ છે અને જેથી બંને પંચો રૂબરૂ વિગતવાર નુ પંચનામુ ભાણજીજી એ કરી દિધેલ અને બાઈક કબ્જે લીધેલા અને આરોપી ને ગુના ના કામે અટક કરેલા.તપાસ કરતા સદર ગુનો ચાણસ્મા પો.સ્ટે. નો હોઈ ચાણસ્મા પો.સ્ટે. નોંધ થવા એક યાદી ભાણજીજીએ કરેલી તેમજ તે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ ભાણજીજીએ કરી દિધેલ.ત.ક.અ.તેમનો જવાબ લીધેલ.

સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બપોર ના ત્રણેક વાગ્યે એલ.સી.બી.ની બોલેરો ગાડી માં નીકળેલા, તેઓની સાથે બોલેરો ગાડીમાં ભરતસિંહ, કીર્તીસિહ,

કુલદિપકુમાર,મહેન્દ્રકુમાર,જીતેન્દ્ર,સંજયકુમારવિગેરે પોલીસવાળા હાજર હતા, તેઓ બનાવ બન્યો ત્યારે સ્ટાફ ના માણસો આરોપીના ઘરે ગયેલા.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ દીલીપજી પ્રભુજી ઠાકોરને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૨/૨૦૧૯ ના રોજ તેઓ તેમના બનેવી દીલીપભાઇ બંન્ને જણા વરાણા ગામે ખોડીયાર માતાના દર્શન કરવા બપોરે નીકળેલ. તેઓના ઘરે મો.સા.નં.જી.જે.૨૪.એ.જી.૦૭૯૨ લઇને નીકળેલા હતા અને જે બાઇક મંદીરના પાછળના ભાગે ઉભુ કરી, મેળામાં તેમજ દર્શન કરવા ગયેલા અને તેઓ પરત આવતા પાર્ક કરેલ બાઇક મળી આવેલ નહી. તેઓએ આજુબાજુ તપાસ કરતા બાઇક મળી આવેલ નહી અને તેઓએ તેમના પિતાને જાણ કરતા તેમના પિતાએ ફરીયાદ આપેલી. બાઇક કોણ ચોરી ગયેલ તે તેમને ખબર નથી પણ થોડા દીવસ પછી પોલીસે જાણ કરતા બાઇક પરત લાવેલા. સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ તપાસ થયેલ નથી.

આ સાહેદના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો આ સાહેદના પુરાવાથી બાઇકની ચોરી આજ આરોપીએ કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ આવેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ ગંગાબેન પ્રભુજી ઠાકોર ને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ તેણીનો દીકરો તેમજ તેણીના જમાઇ દીલીપ બંન્ને જણા વરાણા ગામે ખોડીયાર માતાજીના દર્શન કરવા બપોરે નીકળેલા. અને જે બાઇક તેણીના પતિના નામે હતું અને તે બાઇક મંદીરના પાછળના ભાગે ઉભુ કરી, મેળામાં તેમજ દર્શન કરવા ગયેલા અને તેઓ પરત આવતા પાર્ક કરેલ બાઇક મળી આવેલ નહી અને તેઓએ બાઇક ચોરી થયા અંગેની તેણીને જાણ

થતા તેણીના પતિએ ફરીયાદ આપેલી. બાઈક કોણ ચોરી ગયેલ તે તેણીને ખબર નથી પણ થોડા દીવસ પછી પોલીસે જાણ કરતા બાઈક પરત લાવેલ. સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ તપાસ થયેલ નથી.

આ સાહેદના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો આ સાહેદના પુરાવાથી બાઈકની ચોરી આજ આરોપીએ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ આવેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ કુલદીપકુમાર લક્ષ્મીદાસ ને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૪/૧૯ ના રોજ તેઓ એલ.સી.બી.પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે તેઓની સાથેના ભરતસિંહ,કીર્તીસિહ,ભાણજીભાઈ,મહેન્દ્રકુમાર,જીતેન્દ્ર,સંજયકુમાર વિગેરે પોલીસ સ્ટાફ ના માણસો સરકારી વાહન માં ચાણસ્મા પો.સ્ટે. માં મિલકત સંબંધી ગુના લગત પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન ચાણસ્મા ચાર રસ્તા ખાતે જીતેન્દ્રકુમાર અને મહેન્દ્રસિંહને બાતમી મળેલ કે ચાણસ્મા મુકામે ઉગમણા દરવાજા રોહીત વાસમાં રહેતા પરમાર સાહીલકુમાર પ્રવિણભાઈ નાઓએ ચાણસ્મા બસ સ્ટેન્ડ ખાતે થી તેમજ વરાણા મેળા માંથી મોટર સાઈકલ ની ચોરી કરેલ છે અને તે મોટર સાઈકલ તેમના ઘરે પડેલ છે જેથી નજીક માંથી બે પંચો ના માણસો બોલાવી હકીકત થી વાકેફ કરી ત્યાં જતા સાહીલકુમાર હાજર મળી આવેલ અને તેના ઘર આગળ બે બાઈક પડેલા હતા અને તે વિશે પુછતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલો જેથી પંચો રૂબરૂ સદર બંને બાઈકો ની વિશે તેણે જણાવેલ છે કે તેણે એક માસ અગાઉ વરાણા ખોડીયાર માતા ના મંદિરે થી ,દસેક દિવસ અગાઉ ચાણસ્મા બસ સ્ટેન્ડ થી

ચોરી કરેલ છે અને જેથી બંને પંચો રૂબરૂ વિગતવાર નુ પંચનામુ કરી દિધેલ અને બાઈક કબ્જે લીધેલા અને આરોપી ને ગુના ના કામે અટક કરેલા. તપાસ કરતા સદર ગુનો ચાણસ્મા પો.સ્ટે. નો હોઈ ચાણસ્મા પો.સ્ટે. નોંધ થવા એક યાદી કરેલી તેમજ તે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ ભાણજીભાઈએ કરી દિધેલ. આરોપીને અટક કરેલા અને ચાણસ્મા પોલીસ સ્ટેશનવાળાને જાણ કરેલી. સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ તપાસ થયેલ નથી.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ પારૂબેન નટુભાઈ ઠાકોર ને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેણીએ તેણીની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ત્રણ વર્ષ અગાઉ તેણીના ભત્રીજાનું બાઈક ચોરાયેલ જેનો નંબર તેણીને યાદ નથી. આ બાઈક તેણીએ સમી શો રૂમ માંથી લીધેલ અને આ બાઈક લઈ ને તેણીનો ભત્રીજો દિલીપ તથા ભત્રીજા જમાઈ વરાણા મેળા માં ગયેલા અને તળાવ ની પાળ ઉપર આ બાઈક પાર્ક કરેલ હતુ અને આ લોકો મેળામાં ફરવા ગયેલા અને મેળામાં ફરી ને પરત આવતા આ બાઈક મળી આવેલ નહી અને તેણીને તેઓએ ફોન કરી ને આ બાઈક ચોરી થયેલા નુ જણાવેલ અને આ બાઈક નો વીમો ઉતારેલો ન હતો અ ને તપાસ કરતા બાઈક મળી આવેલ ન હોઈ તેઓએ આ બાઈક ચોરી અંગે ની ફરીયાદ આપેલી.આ બાઈક અમો એ રૂા.૨૦,૦૦૦/– ડાઉન પેમેન્ટ ભરેલ અને બીજા હપ્તા ભરતા આવેલા. બાઈક તેણીના ભત્રીજાને પરત મળી ગયેલ છે અને તે કહેતો હતો કે, આ કેસમાં સમાધાન કરવુ છે અને કેસ પુરો કરવો છે. સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલટ

તપાસ થયેલ નથી.

આ સાહેદના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો આ સાહેદના પુરાવાથી બાઇકની ચોરી આજ આરોપીએ કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ આવેલ નથી.

(૧૫) આમ, હાથ ઉપરના કેસમાં ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોનો પુરાવો જોતા આ કામના આરોપીના ઘર અગાળ ચોરી થયેલ મોટર સાયકલ પડેલ હોય નજીકમાંજી બે પંચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ વિગતવારનું પંચનામું લખી બાઇક કબજે લીધેલ. પરંતુ આ કેસમાં તપાસવામાં આવેલ પંચ સાહેદ પોલીસ સાહેદોના ઉપરોકત પુરાવાને સમર્થન આપતા નથી તેમજ અન્ય સાહેદોના પુરાવાથી પણ હાલના આરોપીએ મોટર સાયકલની ચોરી કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ ના પ્રબંધોનો તેના ઉદ્ધેશ અનુસાર ઉપયોગ કરવા માટે સુચના આપવામાં આવેલી છે. આ કામે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પેન્ડીંગ રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પેન્ડીંગ રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારતમાં આવા કેસો પેન્ડીંગ રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં આરોપી સામેનો કેસ પણ પુરો કરવો ન્યાયના હિતમાં જરૂરી હોય, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– – : : આ ખ રી હુ ક મ : : – –</u>**

(૧) આ કામના આરોપી પરમાર સાહિલભાઇ પ્રવિણભાઇ, ઉ.વ.ર૦, રહે : ચાણસ્માં, ઉગમણા દરવાજા બહાર, રોહીતવાસ, તા.ચાણસ્માં,જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ર૪૮(૧) અન્વયે તેઓની સામેના ઇ.પી.કો.ની કલમ– ૩૭૯, ૪૬૫ મુજબના ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અગાઉ મુદ્દામાલ અંગે કરવામાં આવેલ હુકમને કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.ર૭ મી,** માહે **જુલાઇ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ર૭/૦૭/૨૦૨૬
સ્થળ : સમી.

(મનેષકુમાર મોહનલાલ શુકલ)
એડી. ચીફ જયુડીશીચલ મેજીસ્ટ્રેટ,
સમી.
UIC No.GJ 01090